# રોમન સેનાપતિ કર્નેલ્યુસ
## ફાધર વર્ગીસ પોલ

યરુશાલેમના આદિ ખ્રિસ્તીઓમાં રોમન લશ્કરી ટુકડીનો સેનાપતિ કર્નેલ્યુસની વાત અનોખી છે. એમની આખી વાત આપણે પ્રેષિતોનાં ચરિતો ના દસમા અધ્યાયમાં વાચીએ છીએ. કર્નેલ્યુસની વાત આપણને જણાવે છે કે, ધર્મપલ્ટો કરીને ઈસુના અનુયાયી એટલે ખ્રિસ્તી બનનાર યહૂદીઓ તથા અન્ય જાતિના ખ્રિસ્તીઓ વચ્ચે કોઈ ભેદભાવ કે તફાવત નથી.

પ્રેષિતોનાં ચરિતો માં કર્નેલ્યુસને ભાવિક અને ઇશ્વરથી ડરીને ચાલનાર વ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. કૈસરિયામાં કર્નેલ્યુસ નામે માણસ રહેતો હતો. તે ઈટાલીવાળી નામે ઓળખાતી લશ્કરી ટુકડીનો સેનાપતિ હતો. તે અને તેનો આખો કુટુંબ પરિવાર ભાવિક અને ઈશ્વરથી ડરીને ચાલનારો હતો. તો યહૂદી લોકોને ઉદારતાથી દાન આપતો હતો અને સતત ઈશ્વરની પ્રાર્થના કરતો હતો (પ્રે.ચ.૧૦,૧-૨).

ઈશ્વરથી ડરીને ચાલનાર ભાવિક માણસ તરીકે કર્નેલ્યુસ અનેક દેવોની પૂજામાં કે રોમન લોકોની મૂર્તિપૂજાવાદી ફિલ્સૂફીમાં માનતો ના હોય. એટલે તેઓ યહૂદી લોકોના એકેશ્વવાદની આધ્યાત્મિતચા તરફ આકર્ષાયા હશે. પરિણામે તેઓ પ્રાર્થનમાં અને ગરીબોને ઉદારતાથી મદદ કરવામાં પરોવાયા હતા.

એક દિવસ કર્નેલ્યુસને અણધાર્યો અનુભવ થયો. તેઓ પ્રાર્થનમાં મગ્ન હતા ત્યારે તેમને એક દિવ્ય દર્શન થયું. એક દિવસ પાછલે પહોરે ત્રણેક વાગ્યે તેને દૈવી દર્શન થયું; તેમાં તેણે એક દેવદૂતને અંદર આવીને પોતાને કર્નેલ્યુસ કહીને બોલાવતો સ્પષ્ટ જોયો (પ્રે.ચ.૧૦,૩).

કર્નેલ્યુસ અને દેવદૂત વચ્ચેનો સંવાદ બતાવે છે કે તેઓ એક ખુલ્લા મનના માણસ હતા અને દૈવી પ્રેરણા મુજબ વર્તવાની એમની તૈયારી હતી. એટલે તેઓ દેવદૂતના કહ્યા મુજબ તરત જ પોતાના બે નોકરોને તથા એક ભાવિક સિપાઈને પીતરને તેડી લાવવા જાફા મોકલ્યા.

સેનાપતિ કર્નેલુયના માણસો જાફાના રસ્તામાં હતા તે દરમિયાન સિમોન પીતરને એક દૈવી દર્શન કે ભાવસમાધિ પ્રાપ્ત થઈ એ ભાવસમાધિમાં પીતરે આકાશને ખૂલી જતું જોયું અને તેમાંથી ચાર છેડેથી લટકાવેલી મોટી ચાદર જેવી કોઈ વસ્તુને પૃથ્વી ઉપર ઉતરતી જોઈ. તમાં પૃથ્વી ઉપરનાં બધી જાતનાં ચોપગાં અને પેટે ચાલનારાં પ્રાણીઓ તથા આકાશમાં ઊડનારાં પંખીઓ પણ હતાં. (પ્રે.ચ.૧૦,૧૧-૧૨).

પછી પીતરને એક અવાજ સંભળાયો, ઊઠ પીતર; મારીને ખા (પ્રે.ચ.૧૦,૧૩). પણ પીતરે એ અવાજનો વિરોધ કર્યો. કારણ, તેમણે કદી આવી અશુદ્ધ કે અપવિત્ર વસ્તુ ખાધી નહોતી.

ફરી બીજી વાર અવાજ આવ્યો, ઈશ્વરે જેને પાવન કર્યું છે તેને તારે અપવિત્ર ન ગણવું જોઈએ.

આમ ત્રણ વાર બન્યું અને તરત જ તે વસ્તુ આકાશમાં પાછી ખેંચાઈ ગઈ. (પ્ર.ચે.૧૦,૧૫-૧૬).

પીતર આ ગુંતવણભરી ભાવસમાધિ વિશે વિચાર-મનન કરતા હતા ત્યાં સેનાપતિ કર્નેલ્યૂસના માણસો જાફા પહોંચીને પીતરને શોધતા હતા.

પીતર પોતાના દૈવી દર્શન વિશે વિચારમનન કરતા હતા ત્યાં પવિત્ર આત્માએ તેમને કહ્યું, જો, કોઈ માણસો તને શોધે છે ; ઝટપટ નીચે ઊતર, અને કોઈ પણ જાતના અંદેશા વગર તેમની સાથે જાસ કારણ, એમને મોકલનાર હું છું. (પ્રે.ચ. ૧૦,૨૦). એટલે પીતર બહાર જઈને કર્નેલ્યુસે મોકલેલા માણસોને મળ્યા.

ત્રણેય માણસોએ પીતરને કર્નેલ્યુસની વાત જણાવી અને તેમના આવવાનો હેતુ જણાવ્યો કે તેઓ પીતરને પોતાની સાથે પોતાના માલિક પાસે લઈ જવા માટે આવ્યા છે. પીતરે ત્રણેય માણસોને પોતાના ઘરમાં આવકાર્યા. એના પછીના દિવસે પીતર કેટલાક યહૂદી ધર્માતરિત માણસોને પોતાની સાથે લઈને કર્નેલ્યુસના તરફ વળ્યા. બીજા દિવસે પીતર અને સાથેના બીજા બધા માણસો કૈસરિયા પહોંચ્યા. કર્નેલ્યુસે પીતરના પગે પડીને તેમને પોતાને ઘેર આવકાર્યા.

કર્નેલ્યુસને ઊભો કરીને પીતરે કહ્યું કે, ઊભો થા. હું પણ માણસ જેવો માણસ છું. (પ્રે.ચ.૧૦,૨૬). કર્નેલ્યુસના ઘરમાં પીતરે જોયું કે કર્નેલ્યુસનાં ઘણાં સંબંધીઓ અને મિત્રો પીતરની રાહ જોઈને બેઠા હતા.

એટલે પીતરે કર્નેલ્યુસને કહ્યું, તમે જાણો છો કે યહૂદીને બીજી કોમના માણસ સાથે ભળવાની અથવા તેને ત્યાં જવાની મના છે; પણ ઈશ્વરે મને કોઈ પણ માણસને અપવિત્ર કે અશુદ્ધ ન ગણવાનું શીખવ્યું છે. એટલે મને બોલાવતા જ હું કશી આનાકાની વગર આવ્યો (પ્રે.ચ. ૧૦, ૨૮-૨૯). તે વખત પીતરના માગ્યા મુજબ કર્નેલ્યુસે પોતાને મળેલા દૈવી દર્શન વિશે પીતરને જણાવ્યું.

પીતર પોતાના પ્રતિભાવરૂપે બધા લોકોને સંબોધતા કહ્યું, હવે મને ખરેખર સમજાય છે કે ઈશ્વર કોઈનો પક્ષપાત કરતો નથી,. પણ દરેક પ્રજામાં જે કોઈ તેનાથી ડરીને ચાલે છે

અને ધર્માચરણ કરે છે તેનો તે અંગીકાર કરે છે. તેણે ઈસુ મારફતે ઈસ્ત્રાયલનાં સંતાનોને શાંતિના શુભ સમાચાર સંભળાવ્યા છે અને પોતાનો સંદેશ મોકલ્યો છે; એ ઈસુ સૌના પ્રભુ છે. (પ્રે.ચ. ૧૦, ૩૪-૩૬).

પછી પીતરે કર્નેલ્યુસ અને બીજા બધા લોકોને ઈસુના જીવન, મૃત્યુ પુનરુત્થાન અને તેમના સંદેશ વિશે સમજાવ્યા.

પીતર બોલતા હતા ત્યાં એમને સાંભળી રહેલા બધા માણસો પર પવિત્ર આત્મા ઊતરી આવ્યા. પીતર તથા તેમની સાથેના ધર્માન્તરિત યહૂદી લોકો ખૂબ નવાઈ પામ્યા કે પવિત્ર આત્મા ઈતર જાતિના લોક ઉપર પણ ઊતરી આવ્યા !

પીતરે બરાબર જાણ્યું કે જેમ યહૂદી ખ્રિસ્તીઓ ઉપર પવિત્ર આત્મા ઊતરી આવ્યા છે તેમ ઈતર જાતિના લોકો ઉપર પણ પવિત્ર આત્મા કોઈ ભેદભાવ વગર ઊતરી આવ્યા છે. એટલે પીતરે કર્નેલ્યુસ તથા તેમની સાથેના બધા લોકોને પાણીથી ઈસુને નામે સ્નાન સંસ્કાર કરાવવાની આજ્ઞા આપી. પછી કર્નેલ્યુસના આગ્રહ મુજબ પીતર તેમની સાથે થોડા દિવસ રહ્યા.

આદિ ખ્રિસ્તી ધર્મસભા માટે કર્નેલ્યુસની વાત ખૂબ નોંધપાત્ર છે. કારણ, યહૂદી ધર્મમાંથી ખ્રિસ્તી બનેલા લોકો તથા ઈતર જાતિમાંથી ખ્રિસ્તી બનેલા લોકો વચ્ચે શુન્નતની બાબતમાં મોટો વાદવિવાદ હતો.

એ વાદવિવાદનો ઉકેલ યરુશાલેમ ખાતે મળેલા ઈશુના ભાઈ યાકુબની દોરવણી હેઠળ એ ધર્મપરિષદમાં પીતરે કર્નેલ્યુસવાળા પ્રસંગનું વર્ણન કર્યું હતું. એ જ રીતે પાઉલ અને બરનાબાસે પણ ઈતર જાતિઓમાંથી ઈસુના શિષ્ય બનેલા લોકો વિશે જણાવ્યું હતું.

કર્નેલ્યુસની તથા એમના બધા સાથીઓની વાત આપણા માટે પૂરવાર કરે છે કે, ઈસુના અનુયાયીઓમાં યહૂદી ખ્રિસ્તીઓ તથા ઈતર જાતિમાંથી ખ્રિસ્તી બનેલો લોકો વચ્ચે કોઈ તફાવત કે ભેદભાવ નથી.

કર્નેલ્યુસની સમગ્ર વાતમાં આપણે તેમની ભલમનસાઈ, નિયમિત પ્રાર્થના કરવાની એમની ટેવ, તથા દૈવી દર્શનને અનુરૂપ વર્તવાની અને આધ્યાત્મિક બાબતો સ્વીકારવાની એમની તૈયારી જોઈ શકીએ છીએ. (લેખક સાથે સંપર્ક : ciss@satyam.net.in)